# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધી ઉંધાડ** વાંચે છે.

---

1. **નાગરિકો અને રાજ્ય સરકાર વચ્ચે સીધો સંવાદ કરવા મુખ્યમંત્રી હેલ્પલાઇન શરૂ કરવામાં આવશે.**
2. **શહેરીકરણના વધતા વ્યાપને ધ્યાનમાં રાખીને 69 નગરપાલિકાઓનું અપગ્રેડેશન કરવામાં આવ્યું.**
3. **એકતા નગર ખાતે અંદાજીત 50 કરોડ રૂપિયાના ખર્ચે સરદાર સરોવર ડેમ એક્સપિરિયન્સ સેન્ટર આકાર પામશે**
4. **રાજ્યનાં અનેક શહેરોમાં ગરમીનો પારો 40 ડિગ્રી સેલ્સિયસને પાર**
5. **મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં , મુંબઈ ઈન્ડિયન્સે ગુજરાત જાયન્ટ્સને નવ રનથી હરાવ્યું.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM HELPLINE

રાજ્યનાં નાગરિકો અને રાજ્ય સરકાર વચ્ચે સીધો અને અસરકારક સંવાદ થઇ શકે તે માટે મુખ્યમંત્રી હેલ્પલાઇન શરૂ કરવામાં આવશે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ગઈકાલે વિધાનસભા ગૃહમાં જણાવ્યું કે, રાજ્ય સરકારના વહીવટી વિભાગો હસ્તકના તમામ સંવર્ગોની ભરતીના આયોજનના ભાગરૂપે સરકાર દ્વારા વર્ષ- 2024 થી 2033 માટે 10 વર્ષનું ભરતી કેલેન્ડર તૈયાર કરવામાં આવ્યું છે. જે અનુસાર આગામી 10 વર્ષમાં અંદાજે બે લાખ છ હજારથી વધુ જગ્યાઓ ભરવાનું આયોજન છે.

રાજકોટ પ્રાદેશિક તાલીમ કેન્દ્રના કાર્યભારણને ધ્યાનમાં લઈ ભાવનગર ખાતે નવું પ્રાદેશિક તાલીમ કેન્દ્રની સ્થાપના કરવા અંગે વર્ષ 2025-26 માટે અઢી કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

આ સાથે વર્ષ- 2025-26ની સામાન્ય વહીવટ વિભાગની આશરે 400 કરોડ રૂપિયાની માંગણીઓ ગૃહમાં પસાર કરવામાં આવી હતી.

---

# MUNICIPALITY UPGRADATION

રાજ્યમાં શહેરીકરણના વધતા વ્યાપ અને શહેરી જનસંખ્યાને વધુ નાગરિકલક્ષી સુવિધાઓ આપવા 69 નગરપાલિકાઓનું અપગ્રેડેશન કરવામાં આવ્યું છે.

રાજ્યમાં અ-વર્ગની નગરપાલિકાઓમાં વધુ 21 , બ-વર્ગમાં 22 અને ક-વર્ગમાં 25 મળી કુલ 69 નગરપાલિકાઓ અપગ્રેડ કરવામાં આવી છે. જિલ્લા

મથકો, પ્રવાસીઓની વધુ અવર-જવર ધરાવતા ચાર યાત્રાધામો અને ઐતિહાસિક-સાંસ્કૃતિક વારસો ધરાવતા વડનગરનો અ-વર્ગની નગરપાલિકામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

---

# CITY DEVLOP BUDGET

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણની વર્ષ 2025-26ની અંદાજપત્રીય માંગણીઓ રજુ કરતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે 2025ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઊજવવાની જાહેરાત કરી છે , જેના માટે શહેરી વિભાગનું બજેટ 40% જેટલું વધારીને 30 હજાર કરોડ રૂપિયાથી વધુ કરવામાં આવ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, યાત્રાળુઓ અને પ્રવાસીઓની ધાર્મિક લાગણીઓને કેન્દ્રમા રાખીને 2025-26ના અંદાજપત્રમાં “ધાર્મિક શહેરોના સર્વાંગી વિકાસ” યોજના હેઠળ કુલ 200 કરોડ રૂપિયાની જોગવાઇ સૂચવવામાં આવી છે.

આ અંતર્ગત દ્વારકા, સોમનાથ, બેચરાજી, પાવાગઢ, સિદ્ધપુર, કપડવંજ, પાટણ અને પાલિતાણા જેવા ધાર્મિક તીર્થસ્થાનોની સંભાવનાઓનો પુરતો ઉપયોગ કરીને રાજયના સાંસ્કૃતિક વારસાને જાળવવા માટે વિવિધ માળખાગત સુવિધાઓ ઊભી કરવામાં આવશે.

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મળતી સહાયની કોસ્ટિંગ પ્રાઈઝમાં રાજ્ય સરકાર દ્વારા પ્રતિ આવાસ 50 હજાર રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.

વર્ષ 2025-26ની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણની 25 હજાર 399 કરોડ રૂપિયાની માંગણીઓ વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવી હતી.

---

# FULDOL UTSAV - DWARKA

યાત્રાધામ દ્વારકામાં હોળી ફુલડોલ ઉત્સવ મનાવવા રાજયભરમાંથી પગપાળા અને અન્ય માધ્યમોથી લાખો ભાવિકો દ્વારકા આવી રહ્યા છે. ભગવાન દ્વારકાધીશના સરળતાથી દર્શન થઈ શકે તે માટે યાત્રીકોની સલામતી માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. યાત્રિકોએ દર્શન માટે સ્વર્ગદ્વારથી પ્રવેશ કરવાનો રહેશે અને મોક્ષ દ્વારથી બહાર નીકળવાનું રહેશે.

દ્વારકા જિલ્લાના અમારા પ્રતિનિધિ કરણ જોષીનો અહેવાલ સાંભળીએ..

(બાઈટ- કરણ જોષી- પીટીસી)

---

# HOLI SPECIAL TRAIN - BHAVNAGAR

હોળી ધુળેટીના તહેવાર નિમિત્તે યાત્રીઓના ધસારાને ધ્યાને રાખી પશ્ચિમ રેલ્વેએ બાંદ્રા ટર્મિનસ અને ભાવનગર ટર્મિનસ સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર "હોળી સ્પેશિયલ ટ્રેન" ચલાવવાનો નિર્ણય લીધો છે. બાંદ્રા ટર્મિનસ - ભાવનગર ટર્મિનસ સુપરફાસ્ટ હોળી સ્પેશિયલ ટ્રેન આજે સાંજે 07:25 વાગ્યે બાંદ્રા ટર્મિનસથી ઉપડશે અને બીજા દિવસે સવારે 09:00 વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે. જેનું બુકિંગ આજે થશે. તેવી જ રીતે , ભાવનગર ટર્મિનસ - બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ હોળી સ્પેશિયલ ટ્રેન 13 તારીખે ભાવનગર ટર્મિનસથી સવારે 04:00 વાગ્યે ઉપડશે અને તે જ દિવસે સાંજે 05:00 વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.જેનું બુકિંગ આવત્તિકાલે IRCTCની વેબસાઇટ પરથી થઈ શકશે.

આ ટ્રેન બોરીવલી, વાપી, ઉધના, વડોદરા, અમદાવાદ, વિરમગામ, સુરેન્દ્રનગર ગેટ, બોટાદ, ધોળા, સોનગઢ અને સિહોર સ્ટેશન પર ઉભી રહેશે.

---

# SURENDRANAGAR CHOTILA UTSAV

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ખાતે આજથી બે દિવસીય "ચોટીલા ઉત્સવ"નું આયોજન કરાયું છે. જેનો પ્રવાસન મંત્રી મુળુ બેરાના હસ્તે પ્રારંભ કરાશે. આ ઉત્સવમાં હોળી નૃત્ય , ગરબા નૃત્ય , લોકગીતો જેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

આ અંગે સાંભળીએ અમારા પ્રતિનિધી દિનેશ પરમારનો અહેવાલ...

**(બાઈટ – દિનેશ પરમાર)**

---

# SARDAR SAROVAR EXPERIENCE CENTER

નર્મદા જિલ્લાના એકતા નગર ખાતે અંદાજીત 50 કરોડ રૂપિયાના ખર્ચે સરદાર સરોવર ડેમ એક્સપિરિયન્સ સેન્ટર આકાર પામશે , જે સરદાર સરોવર ડેમના નિર્માણ પાછળની નોંધપાત્ર સફર દર્શાવશે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ગઈકાલે વિધાનસભા ગૃહમાં જણાવ્યું કે, અંદાજિત 82 હજાર કરોડ રૂપિયાના ખર્ચે નર્મદા યોજના પૂર્ણ થવા જઇ રહી છે. વર્ષ- 2014 પહેલા સરદાર સરોવર દ્વારા રાજ્યમાં અંદાજીત 1.62 લાખ હેક્ટ ર સિંચાઇ ક્ષમતા હતી જેમાંથી અંદાજીત 2.53 લાખ હેક્ટરમાં સિંચાઇ થતી હતી. વર્ષ

**2017માં આ ડેમ તેની સંપૂર્ણ સપાટીએ પહોંચ્યો ત્યારે યોજના દ્વારા રાજ્યમાં થયેલી સિંચાઇ આજે 16.22 લાખ હેક્ટરે પહોંચી છે.**

---

# WEATHER

હવામાન વિભાગે આજે રાજ્યના બનાસકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, સુરત, સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, મોરબી, અમરેલી અને કચ્છમાં હીટવેવની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કર્યું છે. ગઈકાલે રાજ્યમાં સૌથી વધુ 42 ડિગ્રી તાપમાન ભુજમાં નોંધાયું હતું

અમદાવાદ અને ગાંધીનગરમાં મહત્તમ તાપમાન 40.04 ડિગ્રી , ડિસામાં 39.1 ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરમાં 40.09 ડિગ્રી , વડોદરામાં 39.8 ડિગ્રી, સુરતમાં 41.08 ડિગ્રી, નલિયામાં 40.02 ડિગ્રી , કંડલામાં 39.6 ડિગ્રી , અમરેલીમાં 40 ડિગ્રી , રાજકોટમાં 41.7 ડિગ્રી, સુરેન્દ્રનગરમાં 41.07 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

આગામી બે દિવસ દરમિયાન અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમીમાં ઘટાડો થવાની કોઈ શક્યતા નથી. આવતીકાલે હીટવેવમાં સામાન્ય ઘટાડો થવાની સાથે હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

---

# DANG DARBAR

ડાંગ દરબાર ના ભાગરૂપે ગઈકાલે આહવા રંગ ઉપવન પર વિવિધ આદિવાસી સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. અહીં પાવરી નૃત્ય , તુર નૃત્ય, તાપી ઢોલ, રાઠવા નૃત્ય , ડાંગી નૃત્ય , ઠાકરે નૃત્ય , ઘુમર, સીધી ધમાલ , નાટક, દેરા

વાધ્ય, અને ડાન્સ ગૃપ જેવા વિવિધ ક્રાયક્રમોની રમઝટ ડાંગના દરબારીઓએ માણી હતી.

દરમિયાન, 13 માર્ચ સુધી ચાલનારા ડાંગ ઉત્સવને ધ્યાનમાં રાખીને એસ.ટી.તંત્રએ 12 માર્ચ સુધી આહવા ખાતેના એસ.ટી.ડેપો ઉપરથી મુસાફર જનતાની અવરજવર બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

આહવાના એસ.ટી. ડેપોના મેનેજર કિશોરસિંહ પરમારે વધુ માહિતી આપી

**(બાઈટ – કિશોરસિંહ પરમાર, એસ.ટી. ડેપો મેનેજર)**

---

# WPL CRICKET

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં , ગઈકાલે રાત્રે રમાયેલી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે ગુજરાત જાયન્ટ્સને નવ રનથી હરાવ્યું હતું . મુંબઈ દ્વારા આપેલા 180 રનના લક્ષ્યનો પીછો કરતા ગુજરાતની ટીમ 170 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ભારતી ફુલમાલીએ 25 બોલમાં 61 રનની કર્યા હતા. જ્યારે અમેલિયા કેરે યજમાન ટીમ વતી ત્રણ વિકેટ લીધી.

અગાઉ, બેટિંગ માટે ઉતર્યા બાદ , મુંબઈએ નિર્ધારિત 20 ઓવરમાં 6 વિકેટે 179 રન બનાવ્યા , જેમાં કેપ્ટન હરમનપ્રીત કૌરે 33 બોલમાં 54 રન બનાવ્યા. તેમને પ્લેયર ઓફ ધ મેચ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. તેઓ છઠ્ઠીવાર પ્લેયર ઓફ ધ મેચ જાહેર થયા છે, જે WPL ઇતિહાસમાં સૌથી વધુ છે.

---

# CM- JAIN MANDIR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે ગાંધીનગરના સેક્ટર – ૭માં જૈન દેરાસરની મુલાકાત કરી જૈનાચાર્ય વિજય અભયદેવસૂરિશ્વરજી મહારાજના આશીર્વાદ મેળવ્યા હતા. આ મુલાકાત દરમિયાન જિનાલય ખાતે ભગવાનના દર્શન કરી સંઘ અને ટ્રસ્ટના કાર્યો વિશે જાણકારી મેળવી હતી.

---

# ROJGAR MELO – CHHOTA UDERPUR

રાજ્યના શિક્ષણ અને ટેકનિકલ વિભાગ ગાંધીનગર અને KCG અમદાવાદના માર્ગદર્શન હેઠળ સરકારી અને ગ્રાન્ટ ઈન એઇડ કૉલેજોના અંતિમ વર્ષના વિધાર્થીઓ માટે દર વર્ષે રોજગાર મેળાનું આયોજન થાય છે. આ રોજગાર મેળામાં 1 હજાર 379 વિધાર્થીઓએ પોર્ટલ ઉપર રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. છોટા ઉદેપુરની ક્વાંટ સરકારી વિનયન કૉલેજ ખાતે યોજાયેલ રોજગાર મેળામાં 258 વિદ્યાર્થીઓને સ્થળ પર જ પ્લેસમેન્ટ આપવામાં આવ્યું.

-----------------------------END-----------------------------